# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮ તા.૧૬-૦૪-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : વિદ્યાર્થીઓને DIKSHA પોર્ટલ પર MAT કોર્સમાં જોડવા બાબત.
સંદર્ભ : ક્રમાંક : જીસીઈઆરટી/DIKSHA/૨૦૨૨/૭૭૩૩/૯૯ તા.૧૩-૦૪-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, CIET-NCERTદ્વારા DIKSHA પ્લેટફોર્મ પર વિવિધ કૌશલ્ય વિકાસ આધારિત વિદ્યાર્થી અભ્યાસક્રમ શરૂ કરવાની હિમાયત કરવામાં આવી છે. અગાઉ DIKSHA પ્લેટફોર્મ પર શિક્ષકો માટેના વિવિધ ઓનલાઈન કોર્સિસ મૂકવામાં આવ્યા છે.

માનસિક અભિયોગ્યતા કસોટી (MAT) ઓનલાઈન કોર્સ શરૂ કરવામાં આવેલ છે. આ કોર્સ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા.૧૭-૦૪-૨૦૨૨ના રોજ લેવાનાર NMMS પરીક્ષા માટે ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ માટે કોર્સ છે. આ ઉપરાંત અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં તથા જે આવનાર વર્ષમાં NMMS પરીક્ષા આપનાર છે. તે તમામ અભ્યાસક્રમ માટે પણ અત્યંત ઉપયોગી છે. આ કોર્સમાં ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન દ્વારા NMMS સંધાન નામની શ્રેણી ચાર મોડયુલ એટલે કે ચાર કોર્સ સ્વરૂપમાં આ સાથે સામેલ પત્રમાં દર્શાવ્યા મુજબ લીંક અને લોગીનના પગથીયા આપેલ છે. જે અનુસરી આગામી NMMS પરીક્ષામાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ જોડાય અને ઉત્તમ પરિણામ લાવે તેવું આયોજન કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૬-૦૪-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક /જીસીઇઆરટી/DIKSHA/2022/ 7733/99
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
વિદ્યાભવન,સેકટર-12, ગાંધીનગર
ફોનઃ (079)23256808
ઇ-મેઇલઃ gcert12@gmail.com
તા. 13/04/22

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ,

પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તમામ.

**વિષય : વિદ્યાર્થીઓને DIKSHA પોર્ટલ પર MAT કોર્સમાં જોડવા બાબત...**

NEP 2020 અનુસાર વિદ્યાર્થીઓમાં વિવિધ પ્રકારના કૌશલ્ય વિકસાવવાની બાબતને ખૂબ મહત્વ આપવામાં આવેલ છે. આ સંદર્ભે CIET - NCERT દ્વારા DIKSHA પ્લેટફોર્મ પર વિવિધ કૌશલ્ય વિકાસ આધારિત વિદ્યાર્થી અભ્યાસક્રમ શરુ કરવાની હિમાયત કરવામાં આવી છે. અગાઉ DIKSHA પ્લેટફોર્મ પર શિક્ષકો માટેના વિવિધ ઓનલાઇન કોર્સિસ મૂકવામાં આવ્યા છે. આ કોર્સથી શરૂ કરવા જઇ રહ્યા છીએ વિદ્યાર્થી કોર્સિસ. DIKSHA - ONE NATION ONE PLATFORM અનુસંધાને GIET તથા GCERT ના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે **માનસિક અભિયોગ્યતા કસોટી (MAT)** ઓનલાઇન કોર્સ શરૂ કરવામાં આવેલ છે. આ કોર્સ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા **તા.17-04-2022 ના રોજ લેવાનાર NMMS પરીક્ષા માટે** ધોરણ 8 ના વિદ્યાર્થીઓ માટે કોર્સ છે . આ ઉપરાંત અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં તથા જે આવનાર વર્ષમાં NMMS પરીક્ષા આપનાર છે તે તમામ અભ્યાસકો માટે પણ અત્યંત ઉપયોગી છે. આ કોર્સમાં ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન દ્વારા NMMS સંધાન નામની શ્રેણી ચાર મોડ્યુલ એટલે કે ચાર કોર્સ સ્વરૂપમાં મૂકવામાં આવેલ છે. ધોરણ 8 ના તમામ વિદ્યાર્થીઓ આ કોર્સમાં જોડાય તે આપની કક્ષાએથી સુનિશ્ચિત કરવા આથી જણાવવામાં આવે છે. વિદ્યાર્થીઓના DIKSHA LOGIN ના પગથિયા તથા ચારેય કોર્સની લિંક આ સાથે સામેલ છે. વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ કોર્સમાં જોડાય અને આગામી NMMS પરીક્ષામાં ગુજરાતના વિદ્યાર્થીઓ ઉત્તમ પરિણામ મેળવે, તેવી શુભેચ્છા સહ તમામને આ વિદ્યાર્થી કોર્સમાં જોડાવા આપની કક્ષાએથી જાણ કરશો.

નિયામક,
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર
તથા
નિયામક,
ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન, અમદાવાદ.

**1.DIKSHA LOGIN STEPS**

1. મોબાઇલમાં પ્લે સ્ટોરમાં જઇ DIKSHA સર્ચ કરી Install પર ક્લિક કરો.
2. ઇન્સટોલ કર્યા બાદ Open ક્લિક કરો.
3. Welcome to DIKSHA માં તમારી ભાષા અને રોલ તરીકે Parent પસંદ કરો.
4. હવે બોર્ડ , માધ્યમ તથા ધોરણ પસંદ કરી પ્રોફાઇલમાં જઇ Login પર ક્લિક કરો.
5. Sign in with Google પર ક્લિક કરી તમારા Gmail આઇ.ડી. અને પાસવર્ડ દ્વારા લોગીન કરો.
6. લોગીન કર્યા બાદ પ્રોફાઇલમાં જઇ Edit પર ક્લિક કરો. નામમાં તમારું (વિદ્યાર્થીનું પૂરું નામ) નામ લખો, રોલમાં Student સિલેક્ટ કરો તથા અન્ય વિગત ભરી submit કરો.
   - અહીં જે નામ લખશો સર્ટીફિકેટમાં તે નામ આવશે આ બાબત ધ્યાને લેશો.

7. ત્યારબાદ નીચેની લિંકથી જે તે કોર્સમાં જોડાઇ કોર્સ પૂર્ણ કરી શકો છો. અથવા કોર્સનું નામ સર્ચ કરી કોર્સમાં જોડાઇ શકો છો.

- **દિક્ષા એપમાં વિદ્યાર્થી લોગીન માટેના સ્ટેપ્સનો વીડિયો જોવા નીચેની લિંક પર જાઓ.**

  **https://youtu.be/gsBNKq2bp7M**

**2. Course Links**

સંધાન-MAT: માનસિક અભિયોગ્યતા કસોટી Module-1 - https://rb.gy/dpqbnq

સંધાન-MAT: માનસિક અભિયોગ્યતા કસોટી Module-2 - https://rb.gy/rmti4x

સંધાન-MAT: માનસિક અભિયોગ્યતા કસોટી Module-3 - https://rb.gy/tj6r8p

સંધાન-MAT: માનસિક અભિયોગ્યતા કસોટી Module-4 - https://rb.gy/bkbvjj